**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૧૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૪૬ ટકા

## આઈ લવ માય ગાંધીનગર



**ડો. સોમભાઈ સી પટેલ**
કેમ્પસ ડીરેક્ટર
સર્વ વિદ્યાલય કેમ્પસ, સે. ૨૩

**ગાંધીનગર ગમે**

હરિયાળી, ખુલ્લા-પહોળા રસ્તા, શાંત વાતાવરણ, કલા સંસ્થાઓ અને સેવા સંસ્થાઓને કારણે ગાંધીનગર ગમે છે.

**નગરજનો**

નગરજનો શાંતિપ્રિય, સંસ્કારી, કલારસિક અને સેવાપ્રવૃત્તિની ભાવનાવાળા છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

સેવા અને સંસ્કૃતિના સંસ્કારોને ઉજાગર કરતી અનેકવિધ સંસ્થાઓ ગાંધીનગરમાં છે, જેના કારણે ગાંધીનગરનું નામ રાજ્ય ને દેશમાં જાણીતું છે. આ બધી પ્રવૃત્તિઓ મને ખૂબ ગમે છે.

ગાંધીનગર વસાહત મંડળ અને તેની પ્રવૃત્તિઓને હું ખાસ પસંદ કરું છું.

**નગરને બહેતર બનાવવા**

નાગરિકો નાગરિક ધર્મ પાળે તો નગર સ્વર્ગ બની શકે છે.

**નગર માટે હું કરી શકું**

સ્વચ્છતા, પર્યાવરણ જાળવણી, ટ્રાફિક નિયમન જેવાં કામો માટે હું માર્ગદર્શન, સહાય આપી શકું છું.

# મહિલા સંબંધી કાનૂની માર્ગદર્શન સેમિનાર યોજાયો





ગાંધીનગર, તા.૪

ગાંધીનગરની સુપ્રસિધ્ધ શૈક્ષણિક સંસ્થા સર્વ વિદ્યાલયના 'વિમેન ડેવલપમેન્ટ સેલ' દ્વારા તા. ૨જી ફેબ્રુઆરીએ સંસ્થાના ખીમજી વિસરામ હોલ ખાતે 'ગુજરાત રાજયમાં મહિલા સંબંધી કાયદાઓની જાગૃતિ' વિષયક સેમિનાર યોજવામાં આવ્યો હતો. સેમિનારમાં ગુજરાત મહિલા આયોગના ચેરપર્સન લીલાબેન મંડોલિયા મુખ્ય મહેમાન પદે તેમજ હાઈકોર્ટના નિવૃત્ત ચીફ જસ્ટીસ જે.એન. ભટ્ટ અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનારમાં મહિલાઓને આર્થિક સ્વ નિર્ભરતા કેળવવા તથા મહત્વની કાનૂની બાબતો અંગે બંને વકતાઓ દ્વારા માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. સેમિનારમાં કેએસવી યુનિવર્સિટીના કુલપતિ ડી.ટી.કાપડિયા, વીમેન ડેવલપમેન્ટ સેલના ચેરપર્સન વીણાબેન પટેલ સહિત સંસ્થાની ૧૨૦૦ જેટલી મહિલા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# સરગાસણ નજીક ફલેટમાં ૨૫ વર્ષીય યુવાનનો ગળે ફાંસો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરને અડીને આવેલા સરગાસણ ખાતે એક ફલેટમાં ૨૫ વર્ષીય યુવાને કોઈ અગમ્ય કારણોસર પોતાના રૂમમાં ગળે ફાંસો ખાઈ લઈ આપઘાત કરી લતા ચકચાર મચી જવા પામી છે. પડોશમાં રહેતા વ્યકિતને જાણ થતા તેણે સેકટર-૭ પોલીસને આપઘાત અંગે જાણકરી હતી. સે-૭ પોલીસે મૃતદેહ પોટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

સરગાસણ ખાતે શ્યામ સ્ટેટસ ફલેટમાં મકાન નં. જી ૪૦૩માં રહેતો યુવાન ૨૫ વર્ષીય વસંતપુરી દશરથપુરી ગોસ્વામી ઘરે એકલો રહેતો હતો. મુળ ખંભાતનો આ યુવાન ગુમસુમ રહેતો હતો. આજે સવારના અરસામાં પડોશમાં રહેતા શાહરૂખખાન નાગોરીને દુર્ગંધ આવતા તેણે બાજુના મકાનમાં તપાસ કરી હતી. તપાસ કરતા બાજુમાં રહેતા વસંતપુરી ગોસ્વામીએ ગળે ફાંસો ખાઈ લીધો હોવાનું ધ્યાને આવતા તેમણે સે-૭ પોલીસને જાણ કરી બોલાવી લીધી હતી. જમાદાર પંકજભાઈએ અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પી.એમ. કરાવીને આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

# આજે જે.સી.આઈ. દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૪

જે.સી.આઈ. ગાંધીનગર દ્વારા તા. ૫ ફેબ્રુઆરીને રવિવારના રોજ સેક્ટર-૧૩ ગુરુકૃપા હોસ્ટેલ ખાતે સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુંછે. આ રકતદાન કેમ્પમાં નગરના નાગરિકોને મોટી સંખ્યામાં જોડાવા જે.સી.આઈ. પ્રમુખ ડૉ. પરાગી ગાંધીએ અનુરોધ કર્યોછે. આ પ્રોજેકટના ચેરમેન તરીકે જે.સી. હિતેષભાઈ સેવાઓ આપશે. આ કેમ્પમાં એકત્ર થનાર તમામ બ્લડ થેલેસેમીયાના રોગથી પિડીત બાળકો, સગર્ભા મહિલાઓ સહિત તમામ જરુરીયાતને સરળતાથી મળી રહે તેવા ઉમદા ઉદ્દેશ્યથી જે.સી.આઈ. ગાંધીનગર દ્વારા રકતદાન મહાદાન કેમ્પનું આયોજન કરાયું છે.

# ઈન્ફોસીટીથી પિસ્તોલ સાથે પકડાયેલા શખ્સો વાહનચોરો હોવાનું ખુલ્યુ

## રાજસ્થાનમાંથી પાંચ બોલેરો અને બે બાઈકો ચોરી કરી હતી : વાહનો ચોરી કરી વેચી મારવાનું એમ્પાયર ગુજરાતમાં ઉભું કરવાના ઈરાદે ગાંધીનગર આવ્યા હતા

ગાંધીનગર, તા.૪

ત્રણ દિવસ પહેલા ઈન્ફોસીટી વિસ્તારમાંથી પિસ્તોલ લઈને ગાડીમાં ફરતા ત્રણ શખ્સો ગાંધીનગર એસઓજીના સકંજામાં આવી ગયા હતા. બે દિવસના રિમાન્ડ દરમિયાન સ્ફોટક માહિતી ખુલવા પામી છે. રાજસ્થાનના આ શખ્સો વાહન ચોરો હોવાનું બહાર આવ્યું છે. ગુજરાતમાં હવે વાહન ચોરી કરીને મોટા પાયે ચોરીના વાહન લે-વેચનું એમ્પાયર ઉભું કરવાના ઈરાદે ઈન્ફોસીટીમાં ભેગા થયા હતા. પિસ્તોલ મધ્યપ્રદેશથી બે વર્ષ પહેલા ખરીદી હોવાનું તપાસમાં ખુલ્યું છે.

ગાંધીનગર એસઓજી પી.આઈ. જે.ડી. પુરોહિતની ટીમે ત્રણ દિવસ અગાઉ ત્રણ શખ્સોને ઈન્ફોસીટીથી પિસ્તોલ અને જીવતા કારતુસ સાથે પકડી પાડયા હતા. તપાસ કરતા આ શખ્સો બે વર્ષ પહેલા એમ.પી.થી પિસ્તોલ લાવ્યા હતા. આ શખ્સો વાહનચોરો હોવાનું તપાસમાં ખુલ્યું છે. ચોરી કરવા જાય ત્યારે કોઈ જોઈ જાય કે પકડાઈ જાય તો પિસ્તોલનો ઉપયોગ કરી શકે તે માટે સાથે પિસ્તોલ રાખતા હતા. રાજસ્થાનમાં પાંચ બોલેરો અને ત્રણ બાઈકો ચોરી કરી વેચી મારી હોવાનું ખુલ્યું છે. સુરેશ નામનો શખ્સ મુખ્ય સુત્રધાર છે અને તે ગાડી લે વેચનો ધંધો પણ કરે છે. સુરેશ તેના અન્ય સાગરીતો બંટી, ગુડુ અને અન્ય એક શખ્સ સાથે મળીને વાહન ચોરીને અંજામ આપતો હતો. ગુજરાતમાં વાહન ચોરી શરુ કરવાના પ્લાન સાથે અને લે-વેચનું કામ મોટા પાયે ચાલુ કરવા ઈન્ફોસીટી બેઠક કરવા ત્રણેય આવ્યા હતાં.

# આજે સે-૩-સીની સામાન્ય સભા મળશે

ગાંધીનગર, તા.૪

વસાહત મંડળ સેક્ટર-૩-સીની સામાન્ય સભા તા. ૫-૨-૨૦૧૭ને રવિવારના રોજ સાંજના ૪-૦૦ વાગે સેક્ટર-૩ના ગાર્ડનમાં સાંઈ મંદિર પાસે આયોજિત કરવામાં આવી છે.

સભાના મહામંત્રી નરસિંહભાઈ પરમારના જણાવ્યા મુજબ સભામાં પડતર પ્રશ્નો તેમજ વર્ષ ૨૦૧૭/૧૮ના વર્ષના હોદ્દેદારોની નિમણુંક કરવાની છે. તો સર્વે વસાહતીઓને અચુક હાજર રહેવા એમણે વિનંતી કરેલ છે.

# સે-૪ રાજપૂત પરિવારનો સ્નેહમિલન તથા વાર્ષિકોત્સવ સંપન્ન

ગાંધીનગર, તા.૪

સેકટર-૪ના રાજપૂત પરિવારોનો ૨૦૧૭ના વર્ષનો સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં રાજપૂત સમાજના પરિવારજનોએ વિશાળ સંખ્યામાં હાજરી આપી હતી. સ્નેહમિલન કાર્યક્રમ પ્રદિપસિંહ બિહોલા મહામંત્રીશ્રી રાજપૂત સમાજ ગાંધીનગરના અધ્યક્ષસ્થાને તેમજ નવટરસિંહજી વાઘેલા ઉપપ્રમુખ શ્રી ગાંધીનગર જિલ્લા રાજપૂત સેવા ટ્રસ્ટ, દિનેશસિંહજી ચાવડા-અગ્રણી ઉદ્યોગપતિ તથા પ્રદિપસિંહજી વાઘેલા-એડવોકેટ અને સંચાલક વિદ્યા લાયબ્રેરીની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં રાજપૂત પરિવારના સભ્ય અને તાજેતરમાં નાયબ પોલિસ અધિક્ષક તરીકે બઢતી પામેલ જગદિશસિંહજી પૃથ્વીસિંહજી રાઓલનું બુકે તથા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. જીલુસિંહજી વિહોલ દ્વારા ઉપસ્થિત સૌનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. સને ૨૦૧૫ તથા ૨૦૧૬ના વર્ષ દરમિયાન યોજેલ વિવિધ કાર્યક્રમોની સફળતા બદલ દરેક પરિવારજનો તેમજ સમાજના અગ્રણીઓ અને કારોબારીના સભ્યોનો તેમણે આભાર વ્યકત કર્યો હતો.

પ્રદિપસિંહજી બિહોલાએ પણ શિક્ષણલક્ષી અભિગમ તેજ બનાવવા જણાવ્યું હતું. મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત દિનેશસિંહજી ચાવડાએ જણાવેલ કે કોઈ પણ વ્યકિત પાસે ચોકકસ ધ્યેય હોય અને તે માટે આયોજનબધ્ધ રીતે સાચી દિશામાં યોગ્ય મહેનત કરવામાં આવે તો ધ્યેય હાંસલ થઈ શકે છે. નટવરસિંહજી વાઘેલાએ પણ સે-૪ના પરિવારના આ સુંદર કાર્યક્રમ બદલ અભિનંદન પાઠવ્યા હતા. અતિથિવિશેષ પદે ઉપસ્થિત પ્રદિપસિંહજી વાઘેલાએ પણ કાર્યક્રમને બિરદાવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમના ભોજનનો ખર્ચ પ્રહલાદસિંહ કે. ગોલ, ભરતસિંહ આર. બિહોલા તથા દિનેશસિંહ પી. વાઘેલાએ પુરો પાડ્યો હતો. તે બદલ તેમનું સન્માન કરાયું હતું. સમગ્ર કર્યક્રમને સફળ બનાવવા ભીખુસિંહ ટી. વાઘેલાએ ખુબ જ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન ગોવિંદસિંહ રાજપૂત દ્વારા તેમજ આભારવિધિ કિશોરસિંહ ગોહિલ દ્વારા કરવામાં આવી હતી.



ગાંધીનગર શહેરના સેકટર-૮ સ્થિત મધર કેર પ્લે સ્કુલ ખાતે તાજેતરમાં આરોગ્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળામાં અભ્યાસ કરતા નાના ભુલકાઓ હાજર રહ્યા હતા. આ પ્રસંગે વિવિધ વિકાસલક્ષી તેમજ ચારીત્ર ઘડતરને લગતું વિવિધ પ્રેઝન્ટેશન યોજાયું હતું. આ કાર્યક્રમને બાળકો તેમજ વાલીઓએ મનભરીને માણ્યો હતો.

# કેન્દ્રીય અંદાજપત્ર વિષે સોમવારે મુકેશ એમ. પટેલનું વકતવ્ય યોજાશે

ભારતના ખ્યાતનામ ટેક્ષ કન્સલટન્ટ અને એડવોકેટ મુકેશભાઈ એમ. પટેલ આગામી તા. ૬ ફેબ્રુઆરી ૨૦૧૭ને સોમવારે સાંજે ૬.૦૦ કલાકે ગાંધીનગરમાં શેઠ ખિમજી વિશ્રામ હોલ, કડી કેમ્પસ, સે-૨૩ ખાતે નાગરિકોને કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૧૭ની સમીક્ષા અને અર્થતંત્ર ઉપર તેની અસરો અંગેનું માર્ગદર્શન આપશે.

ગાંધીનગર રોટરી કલબના ભૂતપૂર્વ અધ્યક્ષ અને પ્રોજેકટ કો ઓર્ડીનેટર કેતનભાઈ મહેતાએ જણાવ્યું છે કે કડી સર્વ વિશ્વ વિદ્યાલય અને કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લિમિટેડના સહયોગથી ગાંધીનગરમાં છેલ્લા ૧૫ વર્ષોથી અંદાજપત્રની સમીક્ષા અને તે અંગેનું માર્ગદર્શન આપવાની પરંપરા જળવાઈ રહી છે. ભારતના નિપૂણ ટેક્ષ કન્સલટન્ટ મુકેશભાઈ એમ. પટેલના બહોળા જ્ઞાનનો લાભ ગાંધીનગરાઓને મળી રહ્યો છે. અંદાજપત્રની અત્યંત સરળ અને લોકભોગ્ય ભાષામાં સમજણ આપતા આ કાર્યક્રમનો લાભ લેવા ગાંધીનગરના નાગરિકોને રોટરી કલબ દ્વારા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# જુસિકા દ્વારા ગાંધીનગરના નગરજનોને નમ્ર અપીલ

ગાંધીનગર, તા.૪

જુનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગર દ્વારા સેવાકીય પ્રવૃતિમાં અંતિમવીધી સામાન અને શબવાહિનીની સેવા ૨૪ કલાક અવિરત ચલાવે છે. જેમાં સંસ્થા દ્વારા મૃતકોના સ્વજનો કે જે અંતિમવિધી સામાન લેવા આવે છે તેમાં સંસ્થા દ્વારા સ્પષ્ટ પણે જણાવવામાં આવે છે કે સંસ્થા દ્વારા અંતિમવિધી સામાન સાથે નનામી (સ્ટીલ) આપવામાં આવે છે તે સંસ્થાની ઓફિસ ઉપર પરત આપવામાં આવે જેથી અન્ય કોઈને જરૂરીયાત ઉભી થતા તેમને સમયસર આપી શકાય પરંતુ લોકો દ્વારા નનામી (સ્ટીલ) સેકટર-૩૦ મુક્તિધામ ખાતે મુકી આવતા સેવામાં સંસ્થાને ઘણી મુશ્કેલી ઉભી થવા પામે છે તો સંસ્થાના હોદ્દેદારો તેમજ કર્મચારીઓ ની લાગણી એવી છે કે નનામી(સ્ટીલ) સંસ્થા ઓફિસ ઉપર પરત આપી જવી. નગરજનો પોતાની ફરજ સમજી સંસ્થાએ આપેલ સુચન નો અમલ કરે તેવી વિનંતી અમારી સંસ્થા તરફથી કરવામાં આવી છે.

## વિશ્વ કેન્સર દિવસ પર

# દિલ્હી પબ્લીક સ્કૂલ ખાતે "કેન્સર એટલે કેન્સલ" વિષય પર વ્યાખ્યાન યોજાયું




ગાંધીનગર, તા.૪

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર કોબા પાસે આવેલ દિલ્હી પબ્લીક સ્કૂલ ખાતે આજે વિશ્વ કેન્સર દિવસ નિમિતે શાળાના સંકુલમાં કેન્સર એટલે કેન્સલ વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં એપોલો હોસ્પિટલના કેન્સર સ્પેશ્યાલિસ્ટ ડોકટર દર્શિત દલાલ ઉપસ્થિત રહીને બાળકોને માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થી ભાઈ-બહેનો અને કર્મચારીઓ મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

દિલ્હી પબ્લીક સ્કૂલ ગાંધીનગર કોબા ખાતે આજે વિશ્વ કેન્સર દિવસ નિમિતે કેન્સર એટલે કેન્સલ વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં એપોલો હોસ્પિટલના કેન્સરના નિષ્ણાંત ડો. દર્શિત દલાલે જણાવ્યું હતું કે આપણી જીવન જીવવાની પધ્ધતિ તેમજ ખાન-પાનની વિસંગતતા કેન્સર જેવા જીવલેણ રોગને આમંત્રણ આપે છે. પરંતુ રોગને આગોતરુ નિદાન ચોકકસ આ રોગને મ્હાત આપી શકે છે. આ પ્રસંગે કેન્સર જેવા રોગને મ્હાત આપીને ઉભા થયેલા અપૂર્વ દવે એ પોતાના સંઘર્ષ કથા દ્વારા કેન્સર એટલે કેન્સલ નહી ને દ્રઢતા પૂર્વક વળગી રહેવા જણાવ્યું હતું. જયારે વિદ્યાલયના ધોરણ-૯ના વિદ્યાર્થીઓ દ્વારા સોમવારે આ જ વિષય પર શેરી-નાટક અને પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. પરિસંવાદના આયોજન બદલ ટ્રસ્ટી અપૂર્વ ગોયન્કા થતા શાળાના ડાયરેકટર રાની ચૌધરીનો આભાર વ્યકત કર્યો હતો.

# ઉવારસદમાંથી વરલી-મટકાનો જુગાર રમતા પાંચ ઝડપાયા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર નજીક આવેલ ઉવારસદ ગામના રાવળ વાસમાં અડાલજ પોલીસે રેઈડ કરતા વરલી મટકાનો જુગાર રમતા પાંચ વ્યકિતઓની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી મુજબ ગાંધીનગર જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોમાં દારુ-જુગારની અસામાજીક પ્રવૃતિઓ નેસ્ત નાબુદ કરવાની સુચના ગાંધીનગર જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંગ યાદવ દ્વારા આપવામાં આવતા અડાલજ પોલીસ મથકના ઈન્સ્પેકટર કે.કે. પંડયાના માર્ગદર્શન મુજબ અડાલજના પીએસઆઈ પી.સી. સરવૈયાને ખાનગી રાહે બાતમી મળતા હેડ કોન્સ્ટેબલ મુળજીભાઈ રામજીભાઈ, રતનલાલ બનવારી લાલ, પદમસિંહ નવલસિંહ, તેજમલજી મફાજી,સાથે ઉવારસદ ગામના રાવળ વાસમાં બાતમીના સ્થળે અચાનક રેઈડ કરતા રાવળવાસમાં રહેતો કમલેશ હોથાભાઈ રાવળ ઉ.વ.૨૨, ઘનશ્યામ હરગોંવિદ રાવળ ઉ.વ.૨૦, બચુ ગાભાભાઈ રાવળ ઉ.વ.૪૮, જીગ્નેશ ગફુર રાવળ ઉ.વ. ૨૨,સહિત અશ્વિન બળદેવ રાવળ ઉ.વ. ૨૭ રહે.નારદીપુર બસ સ્ટેન્ડની પાસે રાવળ વાસ, તા. કલોલ ને બોમ્બે વરલી મટકાના સાહિત્ય સાથે ઝડપી પાડ્યા હતા. તેઓની પાસેથી અડાલજ પોલીસને જુગારના સાહિત્ય સાથે રોકડ રૂ. ૨૧૦૦૦, મોબાઈલ નંગ-૧૧ કિં. રૂ. ૨૬૦૦૦, ચાર કેલ્ક્યુલેટર કિ. રૂ. ૨૦૦ સહિત કુલ રૂ. ૪૭,૨૦૦નો મુદામાલ કબ્જે લઈ અડાલજ પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

# શ્રી વિશ્વકર્મા જયંતિ નિમિત્તે પાટોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૪

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગર દ્વારા ત્રિ દિવસિય વિશ્વકર્મા ભગવાનનો પાટોત્સવ અને પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે.

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગર દ્વારા તા. ૭-૨-૨૦૧૭ના મંગળવારે જલયાત્રા, વરઘોડો, જલાધિવાસ, ગ્રહ, પતન, સાયંકાલીન પૂજા ત્યારબાદ ૮-૨-૨૦૧૭ના બુધવારે દેવપૂજન, મહા સ્નપન, શિબિર સ્નપન, કળશ સ્થાપન અને તા. ૯-૨-૨૦૧૭ના ગુરુવારે દેવપૂજન બ્રાહ્મશિલા મૂર્તિ પ્રતિષ્ઠા ચુંદડી, ત્રિશૂલ, છત્ર, અર્પણ, મંદિર શિબિર ધ્વજા રોહણ અને મંદિરના દ્વારનું ઉદઘાટન સાથે દડવાથી પધારેલ જયોત ઘરે ઘરે પધરામણી, સૂર્યનારાયણ દેવની શોભાયાત્રા, યજ્ઞ પૂજા, અર્ચન આહુતિ યજમાન તેમજ સહ યજમાન દ્વારા મહાપૂજા, સમુહ આરતી તથા મંદિરના શિબિર અને ધજા આરોહણ અને વૃક્ષારોપણ અને ગરબા જેવા અનેક વિવિધ કાર્યક્રમો યોજાશે.

આ કાર્યક્રમ સે-૧૨ ખાતે આવલ વિશ્વકર્મા મંદિરમાં યોજાશે. આ કાર્યક્રમમાં પધારવા માટે સૌને ભાવભર્યુ નિમંત્રણ છે તેમ બિપીનભાઈ સી. ગજ્જરે અખબારી યાદીમાં જણાવ્યું હતું.

# ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા બ્રહ્મસંબંધ

ગાંધીનગર, તા.૪

તા. ૧૯મી ફેબ્રુઆરી ૨૦૧૭ને રવિવારના રોજ સવારે ૮.૦૦ કલાકે મંગળામાં પૂ.પા.ગો. શ્રી વ્રજરાજજી મહોદય બ્રહ્મસંબંધ આપશે. તો જે વૈષ્ણવોને બ્રહ્મસંબંધ લેવાના હોય તેઓએ તા. ૧૭-૨-૨૦૧૭ સુધીમાં કાર્યાલયમાં નામ નોંધાવવા માનદ મંત્રી રસીકભાઈ ગાંધીએ અખબારી યાદીમાં જણાવ્યુંછે.

# ચુલો સળગાવતા દાઝી ગયેલી યુવતિનું મોત

સેકટર-૩ એ ન્યુ છાપરા વિસ્તારમાં રહેતા હીરાબેન શૈલેષભાઈ ભરવાડ ગત્ તા. ૨૯ જાન્યુઆરીના રોજ સવારના સુમારે પોતાના ઘરે ચુલો સળગાવવાનો પ્રયાસ કરતા હતા આ દરમિયાન ચુલામાં અગ્નિ પ્રગટાવવા માટે ડિઝલ નાંખ્યુંહતું. ત્યારે ડિઝલ નાંખતા જ ચુલામાંથી અચાનક આગ ભભુકી હતી. આગની જવાળાઓમાં હીરાબેન લપેટાઈ જતા તેઓ શરીરના ભાગે ગંભીર રીતે દઝાયા હતા. આગની જવાળોમાં ગંભીર રીતે દઝાયેલી આ યુવતિને તાત્કાલીક સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. જયાં તેની હાલત વધુ ગંભીર જણાતા વધુ સારવાર માટે તેણીને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડાઈ હતી. પાંચ દિવસની સારવારના અંતે આજે તેમનું મોત નિપજયુંહતું. બનાવ સંદર્ભે સેકટર -૭ પોલીસે અકસ્માતે મોતનો ગુનોં દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

# ચંદ્રાલા ખાતે સમુહ લગ્નોત્સવ યોજાયો

ચિલોડા, તા.૪

ગાંધીનગર તાલુકાના ચંદ્રાલા સ્થિત ઉમા સંસ્કાર તીર્થ ખાતે ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજ દ્વારા દર વર્ષની પરંપરા મુજબ વસંતપંચમી મહાસુદ-૬ ગુરુવારના રોજ સતત ૨૬મા સમુહ લગ્નોત્સવનું સમુહલગ્ન સમિતિ તથા નવદંપતિઓના માતા-પિતાના સંયુકત ઉપક્રમે આયોજન કરવામાં આવ્યું હતું. આ ભવ્ય સમુહ લગ્નોત્સવમાં સમાજના કુલ ૪૦ નવ દંપતિઓએ શાસ્ત્રોકત વિધિ પ્રમાણે સપ્તપદીના મંગલફેરા સાથે પ્રભુતામાં પગલાં પાડયા હતા. આ સમુહ લગ્નમાં સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સમાજના અગ્રણીઓ તેમજ આમંત્રિતોએ પ્રભુતામાં પગલા પાડનાર વર-કન્યાઓને આશીર્વાદ આપ્યા હતા. આ લગ્નોત્સવમાં પ્રતિષ્ઠિત અગ્રણીઓ તથા સમાજના બહારના અનેક દાતાઓ દ્વારા સમુહ લગ્નમાં જોડાનાર દિકરીઓને ભેટ સોગાદો આપવામાં આવી હતી.



## ચક્ષુદાન

ગાંધીનગર શહેરને અડીને આવેલા વાવોલ ગામમાં આવેલી ચંદ્રલોક સોસાયટીના મકાન નંબર-૫૧ ખાતે રહેતા હેતલકુમાર ઈન્દ્રવદન વ્યાસ ઉ.વ.૪૦નું ગત તા. ૨ ફેબ્રુઆરીના રોજ દુખદ અવસાન થયેલ છે. સદ્ગતના કુટુંબીજન કલ્પેશકુમાર ચંપકલાલ જાનીની સંમતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન લેવામાં આવેલ છે. આ કાર્યમાં તબિબિ સેવા ડો. નિશાંત તથા ડો. સૌરભે પુરી પાડી હતી. જયારે જુ.સી.કા.ના કાર્યકર હિતેષ રાવલ, રાજુ વાઘેલા તથા દિનેશ દવે એ ચક્ષુ લેવા માટે સેવા પુરી પાડી હતી. સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદ ચક્ષુબેંક (સિવિલ હોસ્પિટલ) ખાતે પહોંચાડવાનું ભગીરથ કાર્ય દિલીપ દંતાણીએ કર્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. વસંતપુરી દશરથપુરી ગોસ્વામી (ઉ.વ. ૨૮)
- સ્વ. સોનાબેન ગંભીરભાઈ નાગરાડે (ઉ.વ. ૭૦)
- સ્વ. અંબાબેન ગિરધરલાલ પરમાર (ઉ.વ. ૬૪)